# જીવનમાં માનવતા

બાળકનો જ્યારે જન્મ થાય છે ત્યારે તે બાળક હિન્દુ-મુસલમાન-શીખ કે ઇસાઇ હોતું નથી.તે બાળક ફક્ત એક બાળક હોય છે.આ બાળકનું કોઇ હિન્દુના ઘરમાં પાલનપોષણ થાય તો તે હિન્દુ અને જો તે બાળકનું પાલનપોષણ મુસલમાન-શિખ કે ઇસાઇના ઘરમાં પાલનપોષણ થાય તો તે મુસલમાન-શિખ કે ઇસાઇ બની જાય છે.હિન્દુ-મુસલમાન-શિખ-ઇસાઇ આ સૌનું અલગ અલગ વ્યક્તિત્વ છે,પરંતુ જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે ફક્ત તે બાળક જ હોય છે.બાળકનો જન્મ થાય છે ત્યારે તે મૌન જન્મે છે અને જન્મ પછી તે જે ભાષા શિખે તે ભાષી તે બની જાય છે.અબોધ શિશુની કોઇ ભાષા કે જાત-પાત હોતી નથી.

બાળકને ભવિષ્યમાં જે કંઇ શિખવાડવામાં આવે છે બાળક તે શિખતો જાય છે.જ્યારે આ જ બાળક પ્રૌઢ બને છે ત્યારે તેની ચારેબાજુ ભાષા..વ્યવહાર..વ્યક્તિત્વ..રાષ્ટ..જાત-પાત..આચરણ..ધર્મનું એક આવરણ નિર્માણ થાય છે અને તે આવરણને આપણે આ- અમે છીએ તેવું માની લઇએ છીએ.આપણે જેને અત્યાર સુધી પોતાના છે એવું સમજતા આવી રહ્યા છીએ તે વાતોથી આપણે આપનું સાચુ માનવતાવાળું વ્યક્તિત્વ ગુમાવી દીધું છે.આ નકલી વ્યક્તિત્વને ઉતારીને ફેકી દેવાની પ્રક્રિયા એ જ સાચો ધર્મ છે અને તે જ માનવતા છે.જ્યારે સમયના સદગુરૂની કૃપાથી આપણે આપણી ઉપર ચઢેલ નકલી વ્યક્તિત્વને ફેકી દઇએ છીએ ત્યારબાદ આપણી પાસે મૂળ સહજ સ્વભાવ કે જે આપણા જન્મ પહેલાં પણ આપણી પાસે હતો અને જ્યારે આપણે આ દુનિયામાં નહી હોઇએ ત્યારે પણ આપણી પાસે રહેશે.જ્યારે આ શુદ્ધત્તમ સ્વરૂપ આપણી પાસે રહી જાય છે ત્યારે આપણો મેળાપ પરમાત્માની સાથે થાય છે.

જડ-ચેતન જગતનો કણ કણ એકબીજા પર આધારીત છે.સમગ્ર બ્રહ્માંડ એક છે અને તેમાં કોઇ ઉથલ પાથલ થાય છે તો સમગ્ર માનવ સમાજ પ્રભાવિત થાય છે.

જ્યાં સુધી આપણે આ માનવતા ઉપર આધારીત સહ-અસ્તિત્વને જાણવાની કળા સદગુરૂ પાસેથી શીખી લેતા નથી ત્યાં સુધી આપણે માનવતાની વાસ્તવિકતાને જાણી શકીશું નહી,કારણ કે જ્યાં સુધી માનવ માનવની નજીક નહી આવે ત્યાં સુધી માનવ એકતા..અખંડતા અને જીવનમાં માનવતાનું સ્થાન સુનિશ્ચિત નહી થાય.ખરેખર એકને જાણો એકને માનો અને એક થઇ જાઓ..આ જીવનમાં માનવતાના સ્થાનને જાણવાનું મહાન સૂત્ર છે - પ્યારાલાલ

http://suratiundhiyu.wordpress.com/

# માનવ એકતા.... એક વાસ્તવિકતા

કોઇક જિજ્ઞાસુએ પ્રશ્ન પૂછ્યો કેઃ તરબૂચ અને સંતરામાંથી કયુ ફળ માનવ એકતાને દર્શાવે છે ? તેના જવાબમાં એક વિદ્વાને કહ્યું કેઃ તરબૂચના બાહ્ય દેખાવથી એવું લાગે છે કે તે અનેક ભાગોમાં વહેંચાયેલું છે,પરંતુ તેને કાપ્યા પછી તેની વાસ્તવિકતા બહાર આવે છે કે તરબૂચ અંદરથી તો એક જ છે. જ્યારે બીજી બાજુ સંતરાને બહારથી જોઇએ છીએ તો એક જ હોય તેમ ભાસે છે,પરંતુ તેની ઉપરની છાલ કાઢી નાખીએ તો ખબર પડે છે કે અંદરથી તે અનેક ભાગોમાં વહેંચાયેલું હોય છે.

આવી જ રીતે સંસારની અવસ્થા પણ સંતરાના જેવી છે.બાહ્ય રીતે જોઇએ તો તમામ મનુષ્યો એકબીજાની સાથે જોડાયેલા હોય તેમ લાગે છે,પરંતુ વાસ્તવમાં તેઓ પોત પોતાના સ્વાર્થને સાધવામાં રત હોય છે.તેનાથી ઉલ્ટું બ્રહ્મજ્ઞાની સંતો તરબૂચના જેવા હોય છે,બહારથી તે અલગ અલગ લાગે છે, પરંતુ અંન્તર્મનથી તે એક હોય છે,તેમની ભાવના..વિચારધારા તથા સંસારમાં રહેવાની રહેણી કરણી એક હોય છે.આવો જાદુ એકમાત્ર બ્રહ્મજ્ઞાનના કારણે જ શક્ય બને છે.જ્યારે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂની કૃપાથી જ્ઞાન થાય છે કે તમામ જીવમાત્રમાં એક નિર્ગુણ નિરાકાર પરમાત્મા સમાયેલા છે ત્યારે એકતાની ભાવના આપોઆપ સ્થાપિત થાય છે.સ્વાર્થના સંકુચિત વર્તુળમાંથી બહાર નીકળી મનમાં વિશાળતાની ભાવના આવી જાય છે.હવે ફક્ત પોતાનું દર્દ જ દર્દ નહી,પરંતુ બીજાના દુઃખને જોઇને પણ આંખમાં આંસુ આવી જાય છે.ફક્ત બીજાના દુઃખે દુઃખી નહી પરંતુ દરેકમાં એક પરમાત્માનો વાસ છે તેમ માની તન,મન અને ધનથી તમામની સહાયતા માટે તત્પર થઇ જાય છે.

સંત નિરંકારી મિશન દ્વારા આયોજીત રક્તદાન શિબિરોમાં રક્તદાતાઓની લાંબી લાંબી લાઇનો એ દર્શાવે છે કેઃ નિઃસ્વાર્થભાવથી માનવ એકતા સ્થાપિત કરવાની દિશામાં સંતો પોતાનું યોગદાન આપી રહ્યા છે.રક્તદાન કરનાર સંતોએ ક્યારેય કોઇને પૂછ્યું નથી કે મારૂં લોહી કંઇ જાતિના માનવને ચઢાવવામાં આવશે? સંત નિરંકારી મિશનના તમામ પાસાઓ માનવ એકતાના સિદ્ધાંતને પરિલક્ષિત કરે છે.સદગુરૂ બાબાજી જ્યારે બ્રહ્મજ્ઞાન પ્રદાન કરે છે ત્યારે જિજ્ઞાસુઓની જાતિ-પાંતિ..રહેણી-કરણી.. ઉંચ-નીચનો ભેદભાવ જોતા નથી.નાના-મોટા દરેકને એકસાથે બેસાડીને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરે છે.

સંત નિરંકારી મિશનનું પ્રથમ પ્રણ..તન,મન અને ધન પ્રભુ પરમાત્માનાં છે તેને પ્રભુ પરમાત્માનાં સમજીને તેનો ઉપયોગ ઉપભોગ કરવાનો છે.તન,મન અને ધનમાં પોતાપણાનો ત્યાગ નિશ્ચિંતરૂપથી અહંકાર ઓછો કરી વિનમ્રતામાં વૃધ્ધિ કરે છે,જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે.જગતમાં જે કંઇ છે તે સર્વ પ્રભુ પરમાત્માનું જ છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરવો અને કોઇના પણ ધન ઉપર લલચાવવું નહી.મોહના કારણે જ સંસાર સત્ય લાગે છે અને નિરાકાર બ્રહ્મનો અનુભવ થતો

http://suratiundhiyu.wordpress.com/

નથી.સેવા,સુમિરણ,સત્સંગમાં સૌથી મોટું વિઘ્ન તન-મન-ધનનું મિથ્યા આકર્ષણ છે.તન-મન-ધનનું અભિમાન ના રહે તો ભક્ત સરળ ભાવથી ભક્તિ પથ ઉપર આગળ વધે છે.બાળ સુલભ સરળતા ભક્તિની વાસ્તવિક શક્તિ છે..નિરંકારી મિશનનું આ પ્રથમ પ્રણ માનવ એકતાનો પાયો તૈયાર કરે છે.જો તન-મન અને ધનમાંથી એક પણ આપણું નથી તો પછી સ્વાર્થનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું? સત્ય તો એ છે કેઃએક જ જગ્યાએ સીમિત રહેવાથી શુદ્ધ જળ પણ દૂષિત બની જાય છે,તેવી જ રીતે આપણા મનને પણ જો સ્વાર્થની દિવાલોમાં કૈદ કરી દેવામાં આવે તો વિકૃત્તિઓ આપોઆપ આવી જાય છે અને જો સ્વાર્થ જ ના હોય તો વિકૃત્તિઓ ક્યાંથી આવી શકવાની છે?

સંત નિરંકારી મિશનનું બીજું પ્રણ છે..જાત-પાતનો ભેદભાવ ના રાખવો.તમામ જીવ નર અને માદા જ્યારે એક જ જ્યોત્તિથી બનેલા છે અને એક જ તેમના નિર્માતા છે, શરીર પણ જો બધાનાં એક સરખાં હોય તો પછી વિભિન્ન જાતિ-પાંતિના ભેદ અને બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ર જેવા ચાર વર્ણ તથા લોકાચાર..વગેરેના વિવાદ કેમ? તમામ જાતિઓની જેમ તમામ તથાકથિત ધર્મ અને સંપ્રદાય પણ જ્યારે એક જ પ્રભુના સંતાન છે તેથી તેમને માનવ સમજીને સમાન રૂપથી પ્રેમ કરવો જોઇએ.ક્યારેય જાતિ-પાંતિ-વર્ણ..વગેરેના આધારે કોઇને નાના-મોટા ન માનવા.કોઇ નાનું નથી કે કોઇ મોટું નથી.તમામ એક જ ઇશ્વરના સંતાન છે,ભાઇ-ભાઇ છે માટે સાથે મળીને સફળતાના માટે આગળ વધવાનું છે.આ પ્રણ માનવ મનમાં રહેલા ઉંચ નીંચના ભેદભાવ અને તેના કારણે ઉત્પન્ન થતા અહંકાર તથા નીચી જાતિના પ્રત્યેની અવહેલનાને દૂર કરે છે.

સંત નિરંકારી મિશનનું ત્રીજું પ્રણ છે...બીજા કોઇના ખાન-પાન,રહેણી-કરણી ઉપર ક્યારેય વિરોધ નફરત ના કરવી.દેશકાળ બદલાતાં ધરતી ઉપર અલગ-અલગ ૠતુઓનું પરિવર્તન જોવા મળે છે, એટલે અન્ય કોઇ બીજાના ખાન-પાન અને કપડાઓની આલોચના ન કરવી,કારણ કેઃખાવું-પીવું અને વસ્ત્ર પહેરવા દેહના ધર્મ છે,તેનાથી નિર્લિપ્ત આત્માનો કોઇ સબંધ નથી.તમોને જે રૂચિકર લાગે છે તે વિવેક અને ધર્મને માધ્યમમાં રાખી ખાવો-પીવો-પહેરો પરંતુ બીજાઓની આલોચના કરીને ખોટો વાદ-વિવાદ ઉભો ન કરવો.હરિ મિલન રૂપી મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી જ મળે છે. આ પ્રણનું પાલન કરવાથી માનવ-માનવ વચ્ચેનો ભેદભાવ સમાપ્ત થઇ જાય છે.

સંત નિરંકારી મિશનનું ચોથું પ્રણ છે...ઘર ગૃહસ્થમાં રહેવું. હે માનવ ! પરમાત્માનું જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત કરવા માટે પોતાનું ઘર છોડવાની..દર દર ફરી ભિક્ષા માંગવાની..ગૃહસ્થનો પરીત્યાગ કરવાની અને ભગવા વસ્ત્ર ધારણ કરવાની આવશ્યકતા નથી. ગૃહસ્થનો ત્યાગ કરી બનાવટી સાધુનો વેશ ક્યારેય ધારણ કરવો નહી.તમામના નિર્માતા જ્યોત્તિ સ્વરૂપ પરમેશ્વરની સૃષ્ટ્રિમાં તમામ મનુષ્યએ પોતપોતાના કર્તવ્ય કર્મ, ત્યાગભાવથી કરેલા કર્મોથી માનવ લિપ્ત બનતો નથી.ભગવાનની ભક્તિમાં ગૃહસ્થાશ્રમ નહી,પરંતુ આસક્તિ જ બાધક છે.માનવમાત્રએ બીજાની ઉપર નિર્ભર ના રહેતાં પોતે કર્મ કરીને પોતાના જીવનનો નિર્વાહ કરવો જોઇએ તેવી પ્રેરણા આ પ્રણ આપે છે.

સંત નિરંકારી મિશનનું પાંચમું પ્રણ...અનાધિકારી ગુરૂ દ્વારા જ્ઞાન આપવામાં આવવું જોઇએ નહી. અનાધિકારી ગુરૂ માયા સંચય..વગેરેના માટે જ્ઞાનનો દુરઉપયોગ કરે છે અને જ્ઞાનનો અહંકાર કરવા લાગે છે.અનાધિકારી શિષ્યને પણ બ્રહ્મજ્ઞાન જેવી પવિત્ર વિદ્યા મળવી જોઇએ નહી,કારણ કેઃતેનાથી સમાજની હાની થવાનો ભય છે.અધિકારી ગુરૂ/પરમ ગુરૂ જ જાણી શકે છે કેઃપરા વિદ્યાનો સાચો અધિકારી કોન છે? ફક્ત ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ કોઇ પૂર્ણ જ્ઞાનવાન બની શકતો નથી,કારણ કેઃબ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છેઃબ્રહ્મને જાણવો,તેને જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું..આ ત્રીજી અવસ્થા જ જીવન મુક્તિની અવસ્થા છે..આ પ્રણ ભક્તના જીવનમાં સદગુરૂની મહત્તાનું પ્રતિપાલન કરે છે.

સંત નિરંકારી મિશન માનવ એકતાનું જીવતું જાગતું ઉદાહરણ છે.નાના નાના ગામડાઓ હોય કે મોટા શહેરોમાં આયોજીત થતા વિશાળ સત્સંગના કાર્યક્રમોમાં ભક્તજનો કોઇપણ જાતના ભેદભાવ વિના ભેગા બેસીને પ્રભુચર્ચા કરતા જોવા મળે છે.સત્સંગ બાદ ભોજન ગ્રહણ કરનાર તથા ભોજન વહેચનાર હોય..પાણી પીવડાવનાર અને પાણી પીનાર..ક્યાંય કોઇપણ પ્રકારનો ભેદભાવ જોવા મળતો નથી, તમામ એક સમાન છે.માનવ એકતાનું વાસ્તવિક સ્વરૂપ આજે નિરંકારી મિશન બતાવી રહ્યું છે.ભોજન ગ્રહણ કરતાં પહેલાં બાજુમાં બેઠેલા સંતને ખવડાવીને ખાવું તથા સંત અને સદગુરૂનું ચરણામૃત બનાવીને ગ્રહણ કરવું..વગેરે પરંપરા માનવ એકતાનું જીવન્ત ઉદાહરણ રજૂ કરે છે.

જ્યારે માનવ મનની અંદરની દિવાલો દૂર થાય છે ત્યારે માનવ એકતા સ્થાપિત થાય છે,તે માટે ફક્ત પોતાનો દ્દષ્ટિકોણ બદલવાની જરૂર છે.એક જ શહેરમાં રહેતા બે અલગ અલગ વ્યક્તિઓ પોતાના મહોલ્લાના નામથી ઓળખાય છે,પરંતુ જ્યારે તે બે વ્યક્તિઓ અન્ય કોઇ શહેરમાં ભેગા થાય છે તો કેટલા બધા પ્રેમથી મળે છે તે સમયે પોતાપણાનો અનુભવ થાય છે તેઓને જ્યારે અન્ય કોઇ વ્યક્તિ તેમનો પરીચય પૂછે છે તો તેઓ કહે છે અમો બંન્ને એક જ શહેરના છીએ.એક જ શહેરમાં અલગ અલગ જગ્યાએ રહેતા હોવા છતાં પોતાના શહેરનું નામ આવતાં જ તમામ અંતર દૂર થઇ જાય છે.આવી જ રીતે એક રાજ્યના બે અલગ અલગ શહેરોમાં નિવાસ કરતા બે વ્યક્તિઓ મુંબઇ જેવી મહાનગરીમાં ભેગા થાય છે ત્યારે તેઓ પોતાના શહેરથી નહી પરંતુ પોતાના રાજ્યથી ઓળખાય છે કે તેઓ ફલાણા રાજ્યના વતની છે. ભલે તેમના પોતાના શહેરો વચ્ચે હજારો કિલોમીટરનું અંતર કેમ ના હોય ! આમ હોવા છતાં પોતાના રાજ્યનું નામ આવતાં જ એકતા સ્થાપિત થાય છે.જ્યારે ગુજરાત અને પંજાબમાં નિવાસ કરતા બે વ્યક્તિઓ અમેરીકામાં ભેગા થાય છે ત્યારે તેઓ ભારતીય છે આવી ભાવના તેઓના સબંધોમાં પ્રેમનો સંચાર કરે છે.ભલે તેમની વેશભૂષા..ખાનપાન..જાતપાત અલગ કેમ ના હોય પરંતુ ભારતીય હોવાના સબંધે તેઓ પ્રેમના તાંતણે બાંધેલા રાખે છે.આવી જ રીતે એક ભારતીય અને એક પાકિસ્તાની અમેરીકાના કોઇ શહેરમાં ભેગા થાય છે તો તેઓમાં પોતાપણાનો અનુભવ થાય છે કે તેઓ એશિયાઇ ખંડના છે..અને કલ્પના કરો કે આવનારી સદીઓમાં જ્યારે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો

http://suratumhiyu.wordpress.com/

ઉપર માનવ જીવન શક્ય બનશે તો તે સમયે ભાવના કેવી બદલાઇ જશે ! અને તે સમયે એક ભારતીય અને એક અમેરીકન આ બે વ્યક્તિઓ અન્ય ગ્રહ ઉપર ભેગા થશે તો કહેશે કે અમે પૃથ્વીના વાસીઓ છીએ.ભલે અમેરીકા અને ભારત વચ્ચે લાખો કિલોમીટરનું અંતર હોવાછતાં..તેમની રીતભાત..પહેરવેશ..બોલી..રંગ રૂપ,આહાર વિહાર અલગ અલગ હોવાછતાં અમો ધરતીના રહેવાસી છીએ...આ દ્દષ્ટિકોણ અપનાવવાથી તમામ ભિન્નતા હોવા છતાં એકતા સ્થાપિત થાય છે.

વર્તમાન સમયમાં સંત નિરંકારી મિશન માનવ મનનો દ્દષ્ટિકોણ વિશાળ બનાવી રહ્યું છે. બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને અંન્તર્મનના ભાવોને બદલાવી રહ્યું છે.મન બદલાય તો સ્વભાવ બદલાય છે.. વિચાર બદલાય છે..વિચાર બદલાય તો જીવન જીવવાની રીત બદલાય છે.જીવનની દિશા યોગ્ય હોય તો પછી દશા આપોઆપ બદલાય છે.દરેક પ્રાણીમાત્રમાં એક પ્રભુ પરમાત્માનાં દર્શન થાય છે.પછી તે બોલી ઉઠે છે કેઃ

**અવ્વલ અલ્લાહ નૂર ઉપાયા કુદરત દે સબ બંદે,**
**એક નૂર તે સબ જગ ઉપજીયા,કૌન ભલે કૌન મન્દે..!!**

સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી. છક્કડીયા (ગોધરા),જી.પંચમહાલ

## માનવ એકતા.... અને નિરંકારી મિશન !

સંસારમાં આશરે સાડા છ અરબ કરતાં વધુ માનવો નિવાસ કરે છે.જલવાયુ અને ભૌગોલિક દ્દષ્ટિએ વિશ્વ પરીવારમાં અનેક પ્રકારની વિભિન્નતાઓ જોવા મળે છે.દરેક માનવનો બાહ્ય દેખાવ,રંગ-રૂપ, શારીરિક બનાવટ,રહેણી-કરણી,આચાર-વિચાર,અમીરી-ગરીબી,સભ્યતા-સંસ્કૃતિ,વિચાર-સમજ, બોલી-ભાષા,માન-મર્યાદા,બળ-બુદ્ધિ...વગેરેમાં વિભિન્નતા જોવા મળે છે.વિશ્વની ભૌગોલિક પરિસ્થિતિ, જલવાયુ તથા મૌસમ એક સમાન ન હોવાના કારણે વિભિન્નતા હોવી એ સ્વાભાવિક છે.આ ભૌગોલિક અસમાનતા હોવા છતાં માનવોમાં સમાનતા વધુ જોવા મળે છે.અમારો બાહ્ય દેખાવ અલગ અલગ હોવા છતાં મૂળ સંરચના એક સરખી જ છે.અમારૂ કદ ઉંચુ નીચું હોવા છતાં તેમાં પ્રયુક્ત તત્વોમાં સમાનતા છે.તમામ માનવોના શરીર પાંચ તત્વોથી જ બનેલા છે.સમગ્ર સંસાર એક જ તત્વની ઉપજ છે.આત્મભાવથી તમામ માનવ એક સમાન છે.

દુઃખની વાત તો એ છે કેઃમાનવ પોતાના બાહ્ય આવરણને જ પોતાનું મૂળ અસ્તિત્વ માનીને પોતાને બીજાઓથી અલગ સમજે છે.અમારો જન્મ આ સંસારમાં માનવ બનવા માટે થયો હતો,પરંતુ અમે માનવ બનવાના બદલે એક ડૉકટર,વકીલ,નેતા,અભિનેતા,ઓફીસર..વગેરે બની ગયા છીએ.અમે માનવધર્મને ભૂલીને માનવોના બનાવેલા ધર્મ પર ચાલી રહ્યા છીએ.જો કે માનવતાથી મોટો કોઇ ધર્મ નથી.આજનો માનવ માનવતા શું છે તે તો જાણે છે,પરંતુ તેને માનતો

http://suratundriyu.wordpress.com/

નથી.માનવતાને માનવની બુદ્ધિ તો માને છે,પરંતુ માનવ મન માનતું નથી,કારણ કેઃમનમાં અહંકાર ભરેલો હોય છે.મનમાં વૈર..ઇર્ષ્યા.. નિન્દા..નફરત..રંગ-જાતિ..યોગ્યતા..પદ..ધન વૈભવ..વગેરેનું અભિમાન ભરેલું હોય છે.આ અભિમાનના કારણે માનવ પોતાના મૂળ સ્વરૂપ એક સત્ય પ્રભુ પરમાત્માથી અનજાન છે.

દુનિયાની કોઇપણ ન્યાયિક તથા વહીવટી વ્યવસ્થા કોઇપણ વ્યક્તિને તેના સારા ખોટા કર્મોનો ન્યાય તો આપી શકે છે,પરંતુ તેનામાં રહેલા કુવિચારોની જગ્યાએ સુવિચારોનું પ્રત્યારોપણ કરી શકતી નથી.ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ માનવને બ્રહ્મજ્ઞાન આપીને તેની દિશા બદલી દે છે...માનવની નકારાત્મક ભાવનાને બદલી દે છે.જ્યારે માનવના મનમાંથી ખરાબ ભાવનાઓ નીકળી જાય છે ત્યારે તેના મનમાં પવિત્ર ભાવનાઓનો પ્રવેશ થાય છે.સંત મહાપુરૂષો સાંસારીક ઉતાર ચઢાવ તથા સ્વાર્થથી ઉપર જઇને હંમેશાં સમદ્દષ્ટિ..સમાનતા..આત્મભાવ..પ્રેમ..નમ્રતા..સહનશીલતા..પરહીતની ભાવના.. પરોપકાર તથા સમભાવનો વ્યવહાર કરે છે અને આવો વ્યવહાર જ માનવને માનવની નજીક લાવે છે.તેનાથી માનવ માનવ વચ્ચેનું અંતર ઘટે છે.આવા સદવ્યવહારથી જ માનવ એકતા સ્થાપિત થાય છે.

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ સંપૂર્ણ અવતારવાણીમાં કહ્યું છે કેઃ

એક નૂર હૈ સબકે અંદર,નર હૈ ચાહે નારી હૈ,
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય હરીજન,એકકી ખલકત સારી હૈ...! (પદઃ૯-ખ)

તમામ જીવ નર અને માદા જ્યારે એક જ જ્યોત્તિથી બનેલા છે અને એક જ તેમના નિર્માતા છે, શરીર પણ જો બધાનાં એક સરખાં હોય તો પછી વિભિન્ન જાતિ-પાંતિના ભેદ અને બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ર જેવા ચાર વર્ણ તથા લોકાચાર..વગેરેના વિવાદ કેમ? તમામ જાતિઓની જેમ તમામ તથાકથિત ધર્મ અને સંપ્રદાયો પણ જ્યારે એક જ પ્રભુના સંતાન છે તેથી તેમને માનવ સમજીને સમાન રૂપથી પ્રેમ કરવો જોઇએ.ક્યારેય જાતિ-પાંતિ-વર્ણ..વગેરેના આધારે કોઇને નાના-મોટા ન માનવા.કોઇ નાનું નથી કે કોઇ મોટું નથી.તમામ એક જ ઇશ્વરના સંતાન છે,ભાઇ-ભાઇ છે માટે સાથે મળીને સફળતાના માટે આગળ વધીએ.

બાબા ગુરૂબચનસિંહજી મહારાજ(નિરંકારી બાબા) એ કહ્યું હતું કેઃ મને કાળી,પીળી,લીલી ઝંડીઓથી ક્યારેય દુઃખ થયું નથી,પરંતુ જ્યારે કોઇ મનુષ્યનું લોહી વહેવડાવવામાં આવે છે તો મને ઘણું દુઃખ થાય છે,પછી ભલે તે મનુષ્ય આપણો સાથી હોય કે વિરોધી હોય..મનુષ્યનું લોહી કોઇપણ હાલતમાં વહેવું જોઇએ નહી.જો કોઇના વિચારો આપણી સાથે મળતા આવતા ના હોય તો શાંતિપૂર્વક સાથે બેસીને તેના ઉપર વિચાર કરવો જોઇએ.સંતોનો માર્ગ હંમેશાં અહિંસાનો જ રહ્યો છે.

લોહીના સબંધોમાં સંસ્કારોની સુગંધ હોય છે.લોહી એ માનવ શરીરની પૃષ્ઠભૂમિ હોય છે.ભૌતિક

http://suratiundriyu.wordpress.com/

સંસારમાં લોહીનો કોઇ વિકલ્પ જ નથી.બ્રહ્મજ્ઞાની સંતો મહાપુરૂષોના લોહીમાં પ્રેમ..નમ્રતા..સહનશીલતા. દયા..કરૂણાના અંશો હોય છે અને તેમના દ્વારા કરવામાં આવેલ રક્તદાનથી તે લોહી જ્યારે અન્ય કોઇ માનવની નસોમાં વહે છે ત્યારે તે માનવમાંથી પણ વેર..નફરત..નિન્દા..ઇર્ષ્યા..આપોઆપ દૂર થઇ જાય છે.

માનવ જીવનનું દુર્ભાગ્ય એ નથી કે તે મરી ગયો ! દુર્ભાગ્ય એ છે કે તે પ્રેમ કરવાનું ભૂલી ગયો છે.. પોતાના મૂળ સ્વરૂપને ઓળખવાનું ચુકી ગયો છે! પોતાના જન્મદાતા પ્રભુ પરમાત્માને ભૂલી ગયો છે ! અને આ કારણોસર જ તે જાત-પાત,ઉંચ-નીચ,ધર્મના વાડાઓના વિભાજનમાં ફસાઇને વિનાશના કિનારે ઉભો છે.

નિરંકારી બાબા ગુરૂબચનસિંહજી મહારાજ પોતાના વિચારોમાં કહેતા હતા કેઃસમગ્ર બ્રહ્માંડની રચના આ સત્ય પ્રભુ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર છે તેમને કરી છે.આ પ્રભુ પરમાત્માને જાણી લેવા એ માત્ર ભક્તિની શરૂઆત છે.તેમને માની લેવા તેમાં પણ અધૂરાપન છે.માનવજીવનની યાત્રા ત્યારે જ પૂર્ણ થશે કે જ્યારે અમે બધા એક પ્રભુ પરમાત્માને જાણીને..માનીને આ પ્રભુ સાથે એકરૂપ બનીને માનવ એકતાને પ્રાપ્ત કરી એક બની જઇશું.જ્ઞાન પ્રદાન કરતી વખતે સેવા..સુમિરણ..સત્સંગને જીવનનું અંગ બનાવવાની વાત જે ગુરૂદેવ સમજાવે છે તે પ્રભુ પરમાત્માને પ્રાપ્ત કરી એક બની જવા માટે કહેવામાં આવેલ છે.અમારી આંતરીક ભાવના એવી થવી જોઇએ કે અમે પૂર્ણ સદગુરૂના ગુરૂ ભક્ત છીએ.દરેક ગુરૂભક્ત એ સદગુરૂનું સ્વરૂપ હોય છે.અમારે તમામના દર્દમાં સહભાગી બનવાનું છે.

નિરંકારી બાબા ગુરૂબચનસિંહજી મહારાજે સમગ્ર ભારત તથા દૂરદેશોમાં માનવ કલ્યાણ યાત્રાઓ કરીને માનવોને માનવો સાથે જોડ્યા છે.તેમને એક સત્ય,પ્રભુ પરમાત્મા..રામ-કૃષ્ણ.. ઇશ્વર.. અલ્લાહ.. ગાંડ.. વાહેગુરૂ..વિઠ્ઠલ.. વિઠોબાને માનવાવાળા દુનિયાના તમામ લોકોને એક ધ્વજ નીચે ભેગા કર્યા છે અને આ સત્યનો ધ્વજ છે.તેઓની ભાષા-બોલી,સભ્યતા-સંસ્કૃતિ,રહેણી-કરણી,આચાર-વિચાર,વેશભૂષા,ખાન પાન આ તમામ અલગ અલગ છે.આમ હોવા છતાં તેમનું લક્ષ્ય,આંતરીક ભાવ,વિચારધારા,માનવીય વિચાર એક જ છે. તેઓ અનેકતામાં એકતાનું જીવતું જાગતું પ્રમાણ છે.નિરંકારી સંત સમાગમ પણ માનવ એકતાનું જીવતું જાગતું પ્રમાણ છે.દુનિયામાં પણ આવી રીતે રહીશું તો માનવ એકતાની સ્થાપના થશે તેમાં શંકા નથી. અમારે સંસારને બંધનનું કારણ ન સમજતાં પોતાની કર્મભૂમિ સમજવાની છે અને તે ગુરૂની મતિ ધારણ કરવાથી જ શક્ય બને છે.

પુરાતન સમયથી આજ દિન સુધી સમાજમાં માનવ એકતાનો અભાવ રહ્યો છે,કારણ કે માનવ માનવતાથી દૂર જઇ રહ્યો છે.પાષાણ યુગમાં માનવ પત્થરોથી લડતો હતો અને આજે બંદૂક..મિસાઇલ.. બોમ્બ..વગેરે અત્યાધુનીક હથીયારોથી લડે છે.આજે ૨૧મી સદીમાં માનવ ભૌતિક

ઉન્નતિની ચરમ સીમા ઉપર પહોચેલ છે,પરંતુ લડવામાં..માર-કાટ કરવામાં..વિદ્ધંસ કરવામાં..આ ધરતીને નરક બનાવવાની પ્રવૃતિ જેમ ની તેમ જ બનેલી રહેલ છે.સદગુરૂ માનવની આ પ્રવૃતિની દિશા બદલી નાખે છે.

આજે માનવ ભૌતિક ઉપલબ્ધિ પ્રાપ્ત કરીને ડાંકટર..ઇજનેર..વકીલ..નેતા..અભિનેતા..મંત્રી.. સિપાઇ..રાજ્યપત્રિત અધિકારી તો બની શકે છે,પરંતુ માનવ બની શકતો નથી.માનવ પાસે ગમે તેટલી ડીગ્રીઓ હોવા છતાં તેના કર્મ માનવ જેવા નથી.જૂના વસ્ત્રો ત્યાગ કરીને નવા વસ્ત્રો ધારણ કરવામાં જેટલો સમય લાગે તેટલો સમય માનવ બનવામાં લાગે છે,એટલે કે ખરાબ ભાવનાનો ત્યાગ કરીને પવિત્ર ભાવનાને ધારણ કરવામાં જેટલો સમય લાગે છે તેટલો જ સમય માનવ બનવામાં લાગે છે.પ્રભુ પરમાત્માની પ્રાપ્તિ અને માનવ બનવું એ સૌથી સરળ અને સહજ છે અને આ તમામ મનુષ્યોના માટે સદગુરૂ અને નિરાકાર પ્રભુ પરમાત્મા તરફથી મળેલ નિઃશુલ્ક ભેટ છે.

સદગુરૂ પરમાત્મા સમગ્ર સંસારના કર્તા છે. તે આ બ્રહ્માંડની મૂળ ધરી છે જેના કારણે આ સંસારનું અસ્તિત્વ છે.જેવી રીતે ફુલોના હારમાંનો દોરો દેખાતો નથી.એવી રીતે સદગુરૂ પરમાત્મા સમગ્ર સંસારના કર્તા હોવાછતાં પણ કર્તા દેખાતા નથી.

વિશ્વમાં માનવ એકતા ત્યારે જ સ્થાપિત થશે કે જ્યારે અમે માનવતાને મહત્તા આપીશું.માનવ બનવાની ઓળખાણ એ છે કે અમે પ્રેમથી રહીએ,મેળમિલાપને વધારીએ.બીજાઓને ખુશીઓ વહેંચીએ, બીજાઓના દુઃખ-દર્દમાં સહારો બનીને તેના આંસુ લુંછીએ.ઉંચ-નીચ,જાત-પાત,વૈર-ઇર્ષ્યા,નિન્દા-નફરતની ભાવનાનો ત્યાગ કરીને સમસ્ત માનવ સમાજની સેવા કરીએ. માનવ એકતાનો મૂળ સ્ત્રોત બ્રહ્મજ્ઞાન,સદગુરૂની કૃપા,સંતો મહાપુરૂષોનો તપ,ત્યાગ,નિષ્કામ સેવાભાવ છે.

સંકલનઃ શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી

# માનવ એકતા

મૂળ હિન્દુ સંસ્કૃતિ અનુસાર માનવ એકતા સ્થાપિત કરવા માટે અલગ અલગ સંસ્થાઓ,સંપ્રદાયો તેમજ સંત નિરંકારી મિશન દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે,જેમાં સમયાંતરે વિશાળ વાર્ષિક તેમજ પ્રાદેશિક સંત સમાગમોનું આયોજન કરવામાં આવે છે.આ સંત સમાગમો માનવ એકતા અને માનવતા અંગેની પ્રયોગશાળા છે જ્યાં સદગુરૂની શિક્ષાઓને અનુરૂપ માનવ જીવન સુચારૂ રૂપે જીવવાની પ્રેરણાની સાથે સાથે કલા વિશે પણ વિચાર વિમર્શ તેમજ તેને વ્યવહારીક જીવનમાં લાવવાનો સંકલ્પ કરવામાં આવે છે.ચાલુ વરસે પણ દિલ્હી ખાતે ૬૫મા નિરંકારી સંત સમાગમનું આયોજન કરવામાં આવેલ,ત્યારબાદ વિદેશમાં પણ આંતરરાષ્ટ્રિય સ્તર પર વિશાળ

http://suratiundhiyu.wordpress.com/

નિરંકારી સંત સમાગમોનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિશ્વભરમાંથી બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષોનું આગમન થયું હતું.જેમાં સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજે એકત્વ અને અપનત્વ(Oneness)ની ભાવનાને અપનાવવા માટે વિશ્વ સંદેશ આપ્યો હતો અને વિશ્વમાં અમન..એકતા અને ભાઇચારો(Universal Brotherhood) સ્થાપિત કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

ધર્મનું કામ જોડવાનું છે,તોડવાનું નથી- એ કથન અનુસાર માનવતા એ જ આપણો વાસ્તવિક ધર્મ છે, તેથી માનવતા સ્થાપિત કરવા માટે સંસારમાં જે જે અવતારી સંતો,મહાપુરૂષો આવ્યા તેમને પણ આ એક જ સંદેશ આપ્યો કે પરમ પિતા પરમાત્મા એક જ છે અને આપણે બધા તેમના સંતાનો હોવાથી અલગતાપણું કે જુદાપણું કંઇ રીતે સંભવી શકે ? તેથી કહ્યું છે કેઃ

અવ્વલ અલ્લાહ નૂર ઉપાયા કુદરત દે સબ બંદે,

એક નૂર તે સબ જગ ઉપજીયા,કૌન ભલે કૌન મન્દે..!

આજે વિશ્વભરમાં ઘણા બધા પ્રકારના મતભેદો..જાત-પાત..મજહબ..વૈર-ઇર્ષ્યા..નફરત ઘણી જ વધી રહી છે.માનવમાં માનવતા રહી નથી.તેથી મનુષ્યરૂપે સદગુરૂ સાકાર રૂપમાં આવી બ્રહ્મજ્ઞાનના માધ્યમથી દરેક માનવને એક સૂત્રમાં પરોવવા માટેના પ્રયત્નો સંત મહાત્માઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.સંત નિરંકારી મિશનમાં અનેક જાતની ભિન્ન ભિન્ન ભાષાઓ..ખાન-પાન..રહેણી કરણી..આચાર- વિચાર..અલગ અલગ વેશભૂષાવાળા સજ્જનો સૌ કોઇ એક જ માનવ પરીવારો બહુરંગી ગુલદસ્તાના રૂપમાં જોવા મળે છે.હિન્દુ-મુસ્લીમ-શીખ-ઇસાઇ-જૈન-પારસી વગેરે વિભિન્ન ધર્મ સંપ્રદાયોની સીમા રેખાથી ઉપર ઉઠીને અમન એકતા ભાઇચારો,Universal Brotherhood,વસુધૈવ કુટુંમ્બકમ્ નું વાસ્તવિક સ્વરૂપ અહી સર્વત્ર જોવા મળે છે.અહી માનવ તેની ઉપલબ્ધિઓ,સફળતાઓ,તેઓની પોતાની હસ્તી તથા ભેદભાવ વગેરે..ભૂલી જઇને પ્રેમથી એકબીજાને ભેટે છે તથા અમન-એકતા તથા ભાઇચારાની ભાવનાનો સંદેશ આપી રહ્યા છે.

જેમ માળી અલગ અલગ પ્રકારના ફુલોને ભેગા કરીને દોરામાં પરોવીને ફુલોનો હાર બનાવે છે તો તે કેટલો સુંદર અને આકર્ષક લાગે છે.તેવી જ રીતે સદગુરૂ પણ માનવ એકતા માટેના પ્રયાસ માટે દરેક પ્રકારના માનવોને અલગ અલગ ફુલોની માફક એક બ્રહ્મજ્ઞાનના દોરામાં પરોવીને સત્સંગરૂપી બાગને સજાવે છે.જેમ બાગ આખા વાતાવરણને સુગંધી તથા ઠંડક આપે છે,સુખ આપે છે,સંસારને સુખી કરે છે, જ્યારે ધગધગતા અંગારા કે કાંટાઓ ક્યારેય કોઇને ઠંડક કે સુખ મળ્યું જ નથી,તેથી

http://sjratundhiyu.wordpress.com/

આપણે સદગુરૂની શિખામણ અનુસાર સુગંધ જ ફેલાવી ઠંડક આપવાની છે અને એજ માનવમાત્રની ફરજ છે.

સદગુરૂ બાબાજી વૃક્ષનું દ્દષ્ટાંત આપતાં સમજાવે છે કેઃજે વૃક્ષ ફળ ફુલ અને પાંદડાઓ દ્વારા આચ્છાદિત અને ઘટાદાર હોય છે એ જ વૃક્ષ બીજાઓને છાયા અને ઠંડક આપી શકે છે,તેવી જ રીતે આપણે પણ માનવતા દ્વારા એવું ઘટાદાર વૃક્ષ બનવાનું છે,એવી ફુલવાડી બનવાનું છે કે જેનાથી બીજાઓને ઠંડક અને ખુશ્બુ આપી શકીએ.માનવ એકતાનું વાતાવરણ પેદા કરી શકીએ અને વિશ્વમાં અમન-એકતાનું વાતાવરણ બની શકે.વધુમાં કહ્યું છે કેઃનિરાકાર પરમાત્માની ખુશ્બુ તો સંસારમાં હરહંમેશાં રહેલી છે જ, પરંતુ તે સાકાર ફુલો દ્વારા જ પ્રગટ થાય છે.કદાચ એક ફુલ ડાળી પરથી તૂટી જાય તો પણ તેની જગ્યાએ બીજું ફુલ ખીલી ઉઠે છે.પહેલું ફુલ અને બીજા ફુલની ખુશ્બુમાં કોઇ ફર્ક હોતો નથી.ફુલનો આકાર નાનો-મોટો જરૂર હોઇ શકે છે તેવી જ રીતે સંત મહાત્માઓ તેમના કર્મો અને કલ્યાણકારી વચનો દ્વારા સંસારમાં સુગંધ ફેલાવી રહ્યા છે,પરંતુ શરત એટલી છે કેઃ આપણે તેને જીવનમાં અપનાવીએ અને તેની ખુશ્બુ સંસારમાં ફેલાવીએ.

ધર્મશાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કેઃ !! બડે ભાગ્ય માનુષ તન પાવા !! એટલે કેઃમનુષ્ય તરીકે જન્મ મળવો એ ભાગ્યની વાત છે,પરંતુ તે ભાગ્યની વાત ત્યારે જ કહેવાય છે કે જ્યારે તેનામાં માનવતાના ગુણો હોય.તેથી જ્યારે જ્યારે સંસારમાં અવતારી મહાપુરૂષો આવ્યા તેમને માનવતાની તથા એક સત્ય પરમાત્માની વાત કરી છે કેઃ હે માનવ ! તું મનુષ્યનું શરીર લઇને સંસારમાં આવ્યો છે પણ માનવતાના ગુણો નથી તો માનવ કહેવાને લાયક નથી.જેવી રીતે રેતી,સિમેન્ટ,ઇંટનું બનેલું મકાન હોય તેવી જ રીતે મનુષ્યનું શરીર પાંચ તત્વોનું બનેલું છે.એ શરીર મારૂં છે,હું શરીર(મકાન) નથી.હું એક આત્મ સત્તા છું.પરમાત્માનો સનાતન અંશ છું,પરંતુ અજ્ઞાનતાવશ મારી જાતને ભૂલી બેઠો છું અને માનવ હોવા છતાં પશુના જેવું જીવન જીવી રહ્યો છે તેથી કહ્યું છે કેઃ

પશુ તનકી પનીયન બને,નરકા કછું ના હોય,

નર જો ઐસી કરની કરે, તો નરસે નારાયણ હોય..!!

મનુષ્ય જો એવી કરની કરે તો તે નારાયણ બની શકે છે.જ્યારે મનુષ્ય એક પ્રભુ પરમાત્માને જાણી લે, એકને માને અને એક થઇ જાય તો માનવ એકતા સંભવ છે.માનવ એકતા ન હોય ત્યાં સૌ ગૂગળાપણું જ અનુભવે છે.તેમાંથી બચવા માટે સંતોનો સંગ,તેમના વિચાર અને ભાવનાઓની કદર કરીને તેઓને જે દ્દષ્ટિ મળી હોય છે તે દ્દષ્ટિથી જોવાનું છે અને તેનું જો અનુકરણ કરવામાં આવે તો મનુષ્ય દેવતા બની જાય છે.અરે ! દેવતા તો શું પણ પ્રભુનું રૂપ નારાયણ બની જાય.તેથી

http://suratiundhiyu.wordpress.com/

મનુષ્યે જાગૃત થવાની જરૂર છે.હે માનવ ! તૂં આ ગફલતની નિંદમાંથી જાગી જા અને ભાઇચારાની ભાવનાથી યુક્ત બની જા. પ્રભુ પરમાત્માને એવી પ્રાર્થના કરવામાં આવે છે કે પ્રભુ ! એવી કૃપા કરો..સૌને સદબુદ્ધિ આપો કે જેથી સૌ માનવ એકતાના સૂત્રમાં બંધાઇ જાય અને ગફલતની ઉંઘમાંથી જાગી સમત્વ અને અપનત્વના ભાવથી એકત્વ *(Oneness)* ને અપનાવવાની સાથે સાથે સૌના માટે મંગલકારી કામના કરે એ જ અભ્યર્થના સાથે સૌના માટે શુભ કામના...!!

સંકલનઃ શ્રી ડાહ્યાભાઇ એન.પરમાર (અંકલેશ્વર)

## માનવ એકતા-વર્તમાન સમયની આવશ્યકતા

વસુધૈવ કુટુમ્બકમ્ એટલે કેઃ સમગ્ર વિશ્વના એક પરીવાર બનવાની જે પરીકલ્પના અમારા ઋષિ મુનિઓએ કરી હતી,તેની જેટલી આવશ્યકતા તે સમયે હતી તેટલી જ આજે પણ છે.છેલ્લા કેટલાક વર્ષોમાં માનવોએ ઘણી જ ભૌતિક ઉન્નત્તિ કરી છે.નવી નવી વૈજ્ઞાનિક શોધોના પરીણામ સ્વરૂપ ભયાનકમાં ભયાનક બિમારીઓ ઉપર વિજ્ય મેળવેલ છે,સાથે સાથે વાહન વ્યવહાર તથા દૂર સંચારના ઉન્નત્ત સાધનોના પરીણામ સ્વરૂપ સમગ્ર દુનિયા જાણે કે માનવીની મુઠ્ઠીમાં આવી ગઇ છે.ખિસ્સામાં પડેલા મોબાઇલના કારણે જંગલમાં ફરતા માનવને પણ સમગ્ર દુનિયાની સાથે જોડી દેવામાં આવેલ છે,આ તમામ ઉપલબ્ધિઓ હોવા છતાં માનવ મનમાં થતી વૈમનસ્યતા, ઇર્ષ્યા,વૈર અને નફરતની ભાવનાએ આ તમામ ઉપલબ્ધિઓ ઉપર પાણી ફેરવી દીધેલ છે.માનવ અન્ય માનવની પ્રગતિ જોઇને ખુશ થવાના બદલે અકારણ ઇર્ષ્યા કરવા લાગે છે.અન્ય કોઇની પ્રગતિ જોઇને તેને ધન્યવાદના બે શબ્દ કહેવાના બદલે આજના માનવના મનમાં એવા જ વિચારો આવે છે કે તેને નીચે કેવી રીતે પછાડી શકાય? તેની પ્રગતિમાં કેવી રીતે વિઘ્નો ઉભા કરી શકાય ? તેવા જ વિચારો કરવામાં આવે છે.

વૈચારીક સ્તર પર પોતાની વિચારધારા..પોતાના વિચારોને જ શ્રેષ્ઠ સમજવા અને તેને બીજાઓ ઉપર બળપૂર્વક તે અનુસાર અનુસરણ કરવા દબાણ કરવાની માનસિકતાનો ફેલાવો થઇ રહ્યો છે અને તેના કારણોસર માનવ એકતાની ભાવનાને ઠેસ પહોચાડવામાં આવી રહી છે.ધાર્મિક અસહિષ્ણુતાએ પણ ભાઇચારાની ભાવનાને નુકશાન પહોચાડ્યું છે.હિન્દુ-મુસ્લિમ-શિખ-ઇસાઇ આપસમાં ભાઇ-ભાઇનો પાવન ઉદઘોષ એક લલચાવનારો પરંતુ અપ્રભાવી ઉદઘોષ બની ગયો છે.ધાર્મિક ચિન્હો ૐ..ચાંદ તારાઓ..ક્રોસ..વગેરેને એકસાથે સજાવીને માનવ એકતાની ઇતિશ્રી

http://suratiundhiyu.wordpress.com/

માનવામાં આવી રહી છે. એક પરમાત્માના જ આપણે સૌ બાળકો છીએ..આવી વાતો પ્રવચનો અને પુસ્તકો સુધી જ સિમિત છે.પ્રભુ પરમાત્માના અલગ અલગ નામોના કારણે ઉત્પન્ન થયેલી ભ્રાન્તિઓ આ સર્વવ્યાપી નિર્ગુણ નિરાકાર પરમાત્માને જાણીને જ દૂર થાય છે.પરમાત્માની અનુભૂતિ એ એક એવો આધાર છે જે માનવોના મનમાં ચાલી રહેલા અંન્તર્દ્વન્દ્વોને દૂર કરીને માનવ એકતાને મજબૂતી પ્રદાન કરે છે.ઇશ્વરાનુભૂતિ આતંકવાદને પણ કાયમના માટે સમાપ્ત કરવા માટે સક્ષમ છે.

નિરાકાર પ્રભુ પરમાત્મા જેને શસ્ત્રો કાપી શકતાં નથી,અગ્નિ બાળી શકતી નથી,પાણી પલાડી શકતું નથી,વાયુ સૂકવી શકતો નથી.(ગીતાઃ૨/૨૩) તે એક છે, સર્વત્ર છે, તમામના છે, કોઇ વ્યક્તિ વિશેષ,સમુદાય, સંપ્રદાયના નથી.સમગ્ર દુનિયામાં આ એક જ સાધન છે જેના દ્વારા માનવ એકતાનો વિસ્તાર સંભવ છે અને તે છે એક પ્રભુ પરમાત્માને જાણીને શરીરની શક્તિઓ..મનની ખોટી વિચારધારાઓ અને ધન-સંપત્તિનું અભિમાન દૂર કરવાં.તન,મન,ધનને પરમાત્માની આપેલ અમાનત સમજવાથી જ અભિમાનથી રહીત બની શકાય છે.

અજ્ઞાન અને અહંકાર છે ત્યાંસુધી માનવ એકતા કે ભાઇચારાની ભાવના સંભવ નથી.વર્તમાન સમયના સદગુરૂ નિરંકારી બાબા હરદેવસિંહજી મહારાજની શરણાગતિ લઇ જ્ઞાન પ્રાપ્ત કરવાથી જાતિ-પાંતિ,ધર્મ-સંપ્રદાય.. વગેરેનો અહમ્ દૂર થાય છે તથા તમામમાં એક પરમાત્માનું દર્શન કરવાની ભાવના વિકસિત થાય છે. સૂર્ય ગરમી આપે છે..ચંદ્રમા ઠંડક આપે છે,પહાડ ઉંચા છે તો સાગર ઉંડો છે,મરચું તીખું છે તો શેરડીમાં મીઠાશ છે આમ પ્રકૃતિમાં તમામ પોતપોતાનાં કાર્ય કરી રહ્યાં છે તેમાં એકબીજા સાથે કોઇ ટકરાવ જોવા મળતો નથી. તમામ મળીને માનવતાની સેવા કરી રહ્યાં છે.પશુ પક્ષીઓ પણ મિલવર્તનનો સંદેશ આપી રહ્યાં છે અને આ બધામાં શ્રેષ્ઠ હોવા છતાં માનવ કેમ જાણે કેમ ઇર્ષ્યા..નફરત અને અતિ સંગ્રહની ભાવનાના કારણે અન્યને પછાળવામાં લાગેલો જોવા મળે છે.

માનવ એકતાની વિચારધારાનાં ફક્ત સૂત્રોચ્ચાર કરવાથી નહી,પરંતુ તેનાથી આગળ વધીને તેને જીવનમાં વ્યવહારીક રૂપ આપીશું ત્યારે જ વાસ્તવમાં સંસારનું રૂપ સ્વર્ગ જેવું બનશે.નિરંકારી બાબા હરદેવસિંહજી મહારાજ બ્રહ્મજ્ઞાનનો આધાર લઇને એક પરમપિતા પરમાત્માની જાણકારીના દ્વારા માનવના હ્રદયમાં એ વાત સ્થાપિત કરે છે કેઃસમસ્ત માનવતાના પિતા એક નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા જ છે અને તે નિરંતર તમામની નજીકમાં જ વાસ કરે છે અને તે જ તમામની પાલના કરે છે સંભાળ રાખે છે.આવા પરમાત્માને જાણીને જ પારકાપણાનો

http://suratiundhiyu.wordpress.com/

ભાવ દૂર થઇ પોતાપણાની ભાવના દઢ થાય છે..જાત-પાત-સંપ્રદાયનું અભિમાન નષ્ટ થઇ કાયમ રહેનાર માનવ એકતાનો ભાવ જાગૃત થાય છે.

માનવના સુંદર વિચારોના કારણે..સુંદર કાર્યોના કારણે માનવ માનવ વચ્ચે પ્રેમ ભાવના વધશે..માનવ હંસ,વાદળ,સરોવર,વૃક્ષ..વગેરેની જેમ પરોપકારી બનશે, સંસારના વિનાશ કરવાના બદલે તેને સજાવવા-સુધારવાનું કાર્ય કરશે અને આ જ દિશામાં સંત નિરંકારી મિશન ગુરૂદેવ હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા) ના માર્ગદર્શન હેઠળ કાર્ય કરી રહ્યું છે અને આજે સંસારના માનવીઓ તેનો સ્વીકાર કરી રહ્યા છે જેના કારણોસર માનવ એકતાનું એક આશાનું કિરણ સામે આવી રહ્યું છે.બ્રહ્મજ્ઞાનને આધારે જગતમાં માનવ એકતા સ્થાપિત થાય તે જ સંત નિરંકારી મિશનનો દઢ સંકલ્પ છે.

સંકલનઃ વિદ્યાબેન નિરંકારી, સંયોજક,સંત નિરંકારી મંડળ,ગોધરા શાખા, ગોધરા,જી.પંચમહાલ

## સમયની માંગ એકત્વ

આજના આ વર્તમાન યુગમાં માનવતા અને પ્રેમની ભાવનાને કાયમ કરવા માટે માનવતાનો આધાર સ્તંભ એકત્વ ને અપનાવવા માટે આજે સંત નિરંકારી મિશન વિશ્વના દરેક માનવને આહ્વાન કરી રહ્યું છે.સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ (નિરંકારી બાબા)ની છત્રછાયામાં સંતો મહાપુરૂષો આજે એકત્વનો સંદેશ આપી ચેતવણી આપી રહ્યા છે કેઃ હે માનવ ! હવે તૂં જાગ ! તે હિન્દુ-મુસલમાન-શીખ-ઇસાઇના જે વાડાઓ બનાવ્યા છે,તે વાડાઓને તોડવાનો સમય આવી ગયો છે,કેમકે હિન્દુ-મુસલમાન-શીખ-ઇસાઇ બનતાં પહેલાં તૂં એક માનવ છે.સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં બાબા અવતારસિહજી મહારાજ કહે છે કેઃ એક નૂર હૈ સબકે અંદર,નર હૈ ચાહે નારી હૈ, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય હરિજન, પ્રભુકી રચના સારી હૈ, એક હી જ્યોતિ હૈ હર જનમેં,એક સી સબકી કાયા હૈ, જાત પાત ઔર લોકાચારી વ્યર્થ કા રાર બઢાયા હૈ, હિન્દુ-મુસલમાન-શીખ-ઇસાઇ, એક હી ઇશ્વરકી સંતાન... (અવતારવાણીઃ૯ખ)

દરેક યુગમાં અવતારી મહાપુરૂષોએ એકત્વને અપનાવવાનું કહ્યું છે.ભારતીય વિચારધારાના ચાર વેદ અને છ શાસ્ત્રમાં પણ આ એક પ્રભુ પરમાત્માનું જ વર્ણન જોવા મળે છે.ઋષિ મુનિઓએ તેમાં લખ્યું છે કેઃજેનાથી તારૂં અસ્તિત્વ છે,જેને તારૂં પાંચ તત્વોનું સુંદર શરીર કે જેની રચના માતાના ગર્ભમાં કરી છે. તે પ્રભુ પરમાત્માની ઓળખાણ કરી લે.આ પ્રભુ પરમાત્મા દરેકના શરીરમાં

http://suratiundhiyu.wordpress.com/

આત્માના રૂપમાં નિવાસ કરી આ શરીર ચલાવી રહ્યા છે.આ પ્રભુ પરમાત્માની કોઇ જાત પાત નથી,તેવી જ રીતે તારી પણ કોઇ જાત પાત નથી.આજે સમગ્ર વિશ્વમાં જાત પાતના કારણે લડાઇ,ઝઘડા અને તોફાનો કરી નિર્દોષોનું લોહી વહેવડાવવામાં આવી રહ્યુ છે.આજે સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા) એકને જાણો..એકને માનો અને એક બની જાઓ...ના સૂત્રના માધ્યમથી માનવ એકતા સ્થાપિત કરવાનું કાર્ય કરી રહ્યા છે.

આ એક પ્રભુ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર અને સર્વવ્યાપક છે તેને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂના માધ્યમથી જાણી શકાય છે.આ જ્ઞાન ભગવાન શ્રી કૃષ્ણજીએ કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનને દિવ્ય ચક્ષુ પ્રદાન કરી આપ્યું હતું.રવિદાસના માધ્યમથી મીરાંબાઇને તથા અષ્ટ્રાવક્રના માધ્યમથી રાજા જનકને પણ આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી.સદગુરૂની ગેરહાજરીમાં આજનો માનવ પ્રભુ પરમાત્માને મંદિરો મસ્જિદો અને ગુરૂદ્વારાઓમાં શોધી રહ્યો છે. વર્તમાન સમયમાં પ્રભુ પરમાત્માનું જ્ઞાન સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા)ની કૃપાથી મળી શકે છે તો આવો તેમના શ્રીચરણોમાં નતમસ્તક થઇ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી આપણો આલોક અને પરલોક સુખી બનાવીએ તથા સદગુરૂના માનવ એકતાના કાર્યમાં પોતાનું યોગદાન આપીએ...

સંકલનઃ સુરમલદાસ(નવા નગર) ધાનપુર

http://suratiundhiyu.wordpress.com/